ગાંધીનગર સમાચાર
તા. ૧૯-૧૨-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી....

'લોકપાલ' હવે કોંગ્રેસની ઝોળીમાં

પિસ્તાળીસ વર્ષથી લટકતું પડેલું લોકપાલ બિલ આખરે રાહુલ ગાંધીના ઉત્સાહ ભર્યા હસ્તક્ષેપથી સિલેકટ કમિટી સૂચિત વિવિધ સુધારાઓ સાથે અગાઉ રાજયસભામાં અને તાબતોબ બીજે દિવસે લોકસભામાં પસાર થઈ જતાં વયોવૃદ્ધ ગાંધીવાદી સત્યાગ્રહી અણ્ણા હજારેનું બહુ લાંબા સમયનું સપનું સાકાર થયું છે. અણ્ણા હજારેએ આ બિલનાં સુધારેલાં પ્રાવધાનો બદલ વિશેષ પણે લોકસભાની સિલેકટ કમિટીનો આભાર માન્યો હતો. અગાઉના 'નબળા' બિલમાં નવા મુદ્દા અને સુધારા ઉમેરાતાં એ ખરેખર મજબૂત લોકપાલ બિલ બની રહ્યું હોવાનું અણ્ણાએ સ્વીકાર્યું હતું. હવે આ બિલ રાષ્ટ્રપતિની સહી માટે જશે, જે એમની મહોર વાગતાંની સાથે જ કાયદો બની જશે. લોકપાલ મુદ્દે અચાનક આવેલા પલટા પાછળ ચાર રાજ્યોમાં કોંગ્રેસનો થયેલો સફાયો જવાબદાર છે. નહીંતર આ જ કોંગ્રેસીઓ અણ્ણાને અને એમના સમર્થકોને કેવા કેવા પડકારો ફેંકતા રહ્યા છે તે કોઈથી અજાણ્યું નથી. ભારતીય જનતા પાર્ટીએ વ્યૂહાત્મક રીતે અણ્ણાની સરકાર વિરોધી ચળવળનો લાભ ઉઠાવવા પ્રયાસ કર્યો હતો, પરંતુ અણ્ણાના આંદોલનને હાઈજેક કરવાની ભાજપની વ્યૂહ રચના કેજરીવાલ જેવા જાગ્રત કર્મશીલોએ સફળ થવા દીધી નહોતી. કાળક્રમે અણ્ણાના ટેકેદારોમાં જ ભાગલા પડી જતાં કેજરીવાલના નેતૃત્વ હેઠળની આમ આદમી પાર્ટી અસ્તિત્વમાં આવી હતી, જે 'જનલોકપાલ'ના એક જ મુદ્દાના કાર્યક્રમ પર દિલ્હીની વિધાનસભાની ચૂંટણીમાં ૨૮ બેઠકો જીતી ગઈ હતી એટલું જ નહીં, એના સંયોજક અરવિંદ કેજરીવાલે ત્રણ ત્રણ સત્રોથી દિલ્હીનું નેતૃત્વ કરી રહેલાં ભારે બહુમતીથી હરાવી ઘર ભેગાં કરી દીધાં હતાં. આ ઘટનાક્રમથી અને નરેન્દ્ર મોદીના વાવાઝોડાથી ડઘાઈ ગયેલી કોંગ્રેસે તાબડતોબ શિયાળુ સત્રમાં લોકપાલ બિલ પસાર કરી દેવાનો રાહુલ ગાંધી દ્વારા સૂચવાયેલો વ્યૂહ અમલમાં મૂકી દીધો, તેથી કોંગ્રેસ એક કાંકરે અનેક પક્ષીઓ મારી શકી છે. સમાજવાદી પાર્ટી લોકપાલનો વિરોધ કરવામાં એકલી પડી ગઈ છે. ભાજપ માટે આ બિલને ટેકો આપ્યા વગર છૂટકો નહોતો. હવે એનાં નેતા સુષમા સ્વરાજ લોકસભામાં ઊભાં થઈને ઘાંટા પાડીને ભલે કહે કે આ બિલનું શ્રેય કોંગ્રેસના ઉપાધ્યક્ષને નહીં પરંતુ વારંવાર આ મુદ્દે જીવનું જોખમ વહોરી ઉપવાસ પર બેસી જતા પેલા વયોવૃદ્ધ અણ્ણાને મળવું જોઈએ, પરંતુ એમના કહ્યાથી કશો ફેર પડતો નથી. ખુદ અણ્ણા હજારેએ પત્ર લખીને રાહુલ ગાંધીનો આભાર માન્યો છે અને હવે પછીના રાજકીય ચક્રવ્યૂહમાં અણ્ણા કદાચ કોંગ્રેસની પડખે- સવિશેષ કોંગ્રેસના યુવાન સૂત્રધાર રાહુલ ગાંધીની પડખે ઊભેલા દેખાય તો કોઈને નવાઈ ન જ લાગવી જોઈએ. અણ્ણાએ રાલેગણ ખાતે એમના ઉપવાસમાં જોડાવા આવેલા કેજરીવાલના સાથીઓને ગામ બહાર તગેડી મૂક્યા તે ઓછું હોય એમ ઉપવાસ છોડતી વેળાએ એમણે પ્રવચન કરતાં કહ્યું કે જે સમિતિમાં આઠ સભ્યો નીમાશે તેમાં આપણે વીણી વીણીને સારા માણસો મૂકીશું. એમણે ખાસ ચોખવટ કરી કે અણ્ણાનું નામ વટાવી પોતાનો સ્વાર્થ સાધનારાઓ એમાં નહીં હોય. આથી એટલું તો દીવા જેવું સ્પષ્ટ થઈ જાય છે કે હવે અણ્ણા જેને સારું અને મજબૂત લોકપાલ બિલ ગણે છે, એને 'જોકપાલ' કહેનારી કેજરીવાલ આણિ કમ્પની માટે લોકપાલનો મુદ્દો બુઠ્ઠો બની જાય છે. ૨૦૧૪ની ચૂંટણીમાં લોકપાલ મુદ્દે દેશભરમાં આંદોલન ચલાવવાની ભીષ્મ પ્રતિજ્ઞા લેનાર અણ્ણા હજારેને આ સરકારી બિલ પાસ થવાથી પૂરતો સંતોષ છે અને તેઓ પ્રામાણિક પણે માને છે કે ભલે કેજરીવાલ આ બિલથી ઉંદરડાને પણ પાંજરે નહીં પૂરી શકાય એવો અભિપ્રાય ધરાવતા હોય પરંતુ બિલ પૂરતી મજબૂતી ધરાવે છે અને મોટા ખૂંખાર સિંહને પણ પાંજરે પૂરવાની જોગવાઈઓ એમાં સામેલ છે. ટૂંકમાં, અણ્ણાની લડાઈ સમાપ્ત થાય છે અને કેજરીવાલ હવે એકલા અટૂલા એમના મુઠ્ઠીભર સાથીઓ સાથે 'લોકપાલ'ને 'જોકપાલ' ઠેરવવા પ્રયાસ કરશે ત્યારે એમને સૌ પહેલાં ખુદ અણ્ણા હજારેનો જ વિરોધ વહોરવો પડશે. એ દૃષ્ટિએ કોંગ્રેસનો અને એના યુવાન ઉપાધ્યક્ષનો આ વ્યૂહાત્મક વિજય છે. હવે એમને ૨૦૧૪માં ફક્ત મોદી અને રામદેવ જેવા યોદ્ધાઓ સામે લડવાનું રહેશે. રાહુલ માટે અણ્ણાની હૂંફ આશ્વાસક બની રહેશે કારણ કે આમ આદમી પાર્ટીના પ્રવકતા ડૉ. કુમાર વિશ્વાસે અમેઠીમાં એમની સામે ચૂંટણી લડી લેવાની જાહેરાત કરી છે. અણ્ણા રાલેગણમાં બેઠાં બેઠાં એમને 'વિજયી ભવ' કહી દેશે!

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા

શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરાયેલા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા સ્ત્રી અધ્યાપન મંદિર ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. ગાંધીનગરની જાણીતી કરાટે શીખવતી સંસ્થા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં સહયોગથી આ ૧૨ દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૬૦-૬૦ વિદ્યાર્થિનીઓની બે બેચમાં સ્વબચાવની વિવિધ બેઝીક ટેકનિક્સનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યુ ંહતું. કરાટે અકેડમીનાં નિષ્ણાત પ્રશિક્ષકો શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા તથા શ્રી આકાશ શર્મા દ્વારા આ શિબિરનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

શિબિરનાં સમાપન સમારોહ પ્રસંગે ઓલ ઈન્ડીયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનનાં સંરક્ષક તથા ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી રજનીકાન્તભાઈ રજવાડી અને કરાટે અકેડમીનાં ટેક્નિકલ ડાયરેક્ટર ઓ'સેનસાઈશ્રી અરવિંદભાઈ રાણા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. પી.ટી.સી. કોલેજનાં આચાર્યા શ્રીમતી સુરેખાબહેન ચૌધરી તથા અધ્યાપક શ્રી મુકેશકુમાર એન. વૈદ્ય પણ મંચ ઉપર ઉપસ્થિત રહ્યા હતા. સમાપન સમારોહનાં પ્રારંભમાં વિદ્યાર્થિનીઓએ ૧૨ દિવસ દરમ્યાન શીખેલ વિવિઝ બેઝીક ટેકનિક્સની સાથે સ્વબચાવની વિવિધ ટેકનિક્સનું નિદર્શન કર્યું હતું.

પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ઓ'સેનસાઈ શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થિનીઓને કરાટેનું મહત્વ તથા લાભ ઉપર પ્રકાશ પાડ્યો હતો. તેમણે ગુજરાત સરકાર દ્વારા ચાલતા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ વિશે પણ સમજણ આપી હતી. ઉપસ્થિત મુખ્ય અતિથિ શ્રી રજનીકાન્તભાઈ રજવાડીએ પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં વિદ્યાર્થિનીઓને નિર્ભિક બનવા તથા જરૂર પડે આ કળાનો ઉપયોગ કરવા પ્રેરણા આપી હતી. કોલેજનાં આચાર્યા શ્રીમતી સુરેખાબહેને આ શિબિરથી વિદ્યાર્થિનીઓને થયેલા લાભની વાત કરી આ પ્રકારનાં કાર્યક્રમો સતત કરતા રહેવા અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમનાં અંતમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થિનીઓને મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે શિબિરમાં સફળતાપૂર્વક ભાગ લીધા અંગેના પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. સમાપન સમારોહનું સફળ સંચાલન કોલેજનાં અધ્યાપક શ્રી મુકેશકુમાર વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

હરિની દૃષ્ટિ...

ભલે લઇ જતા, અમથુય મારે આર.ટી.આઈ. વાળાનું કામ જોવું હતું... કાલે હું તેમની પાસેથી વીર રૂ.માં જાણી લઇશ કે આપણી ગાડી ક્યાં લઇ ગયા...!!

સી.એમ. પટેલ હાઈસ્કૂલનું ઓક્ટોબર ૨૦૧૩ની એચએસસી બોર્ડના ત્રીજા સેમેસ્ટરની પરીક્ષાનું ૧૦૦ ટકા પરીણામ

ગાંધીનગર, તા. ૧૮

કડી સર્વ વિદ્યાલય કેમ્પસની શેઠ સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકેન્ડરી સ્કૂલનું એચ.એસ.સી. બોર્ડની સેમેસ્ટર-૩ની ઓક્ટોબર માસમાં લેવાયેલ પરીક્ષાનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું હતું.

આ પરીક્ષામાં કુલ ૩૩૧ વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાંથી તમામ ઉત્તિર્ણ થવા પામ્યા છે. તેમજ ૬ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ અને ૫૧ વિદ્યાર્થીઓએ એ-૨ ગ્રેડ મેળવ્યો હતો. પ્રથમ સ્થાને સાહિલ કુરેશી ૫૦૦માંથી ૪૭૬ ગુણ મેળવી અને દ્વિતિય સ્થાને કુ. ગુંજન રામાણીએ ૪૭૪ ગુણ મેળવી ઉત્કૃષ્ઠ પરિણામ પ્રાપ્ત કરેલ છે.

આ ઉપરાંત દિપ કાપડીયા અને કુ. રોશની પટેલે ૪૬૨ ગુણ સાથે તૃતીય, કુ. રીમા પટેલે ૪૫૫ ગુણ સાથે ચતુર્થ અને સ્મિત પટેલે ૪૫૩ ગુણ સાથે પાંચમો ક્રમ પ્રાપ્ત કર્યો હતો. મેરીટ માટે ૨૭૦ કે તેથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓમાં સાયન્સ એ-૧ ગ્રેડ કુલ ૪૮ વિદ્યાર્થીઓએ મેળવ્યો હતો. જ્યારે રસાયણ વિજ્ઞાનમાં કુલ ૧૦૦ વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે અને ભૌતિક વિજ્ઞાનમાં એક વિદ્યાર્થીએ ૧૦૦ ગુણ મેળવેલ છે.

સચિવાલય કલ્યાણ સમિતિ દ્વારા આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધા-૨૦૧૩-૧૪નો પ્રારંભ

સે. ૨૧ના જીમખાના ખાતે રમાયેલી મેચમાં નાણાં વિભાગની ટીમે ગુજરાત વિધાનસભાની ટીમને હાર આપી

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર ખાતે સચિવાલય કલ્યાણ સમિતિના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આયોજિત આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધા-૨૦૧૩-૧૪ સેક્ટર-૨૧ના જીમખાના ખાતે રમાઈ રહી છે. આ સ્પર્ધામાં નાણાં વિભાગની ટીમે ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરતા ગુજરાત વિધાનસભાની ટીમને ૫૫ રનથી પરાજય આપી સ્પર્ધાની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવી લીધો છે.

આજે રમાયેલી આ મેચમાં વિધાનસભા ટીમે ટોસ જીતીને નાણાં વિભાગની ટીમને પ્રથમ દાવ લેવા નિમંત્રણ આપ્યું હતું. જેમાં નાણાં વિભાગની ટીમે ૩૦ ઓવરમાં ૧૬૭ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. નાણાં વિભાગ તરફથી કમલેશ સોલંકીએ ૪ ચોગ્ગા સાથે ૫૩ રન બનાવ્યા હતા, જ્યારે વિધાનસભા ટીમ તરફથી એચ.ડી. સેઈલરે ૪ વિકેટ અને અનિલ દેસાઈએ ૩ વિકેટ ઝડપી હતી. ત્યારબાદ વિધાનસભા ટીમ ૨૩.૪ ઓવરમાં માત્ર ૧૧૨ રન બનાવી ઓલઆઉટ થઈ જતા નાણાં વિભાગનો ભવ્ય વિજય થયો હતો. નાણાં વિભાગ તરફથી કિરીટ તપોધને ૩ વિકેટ અને નિતિન ઠાકરે ૨ વિકેટ ખેરવી હતી જ્યારે વિધાનસભા ટીમ વતી સર્વોચ્ચ સ્કોર અમૃતભાઈનો ૩૫ રનનો હતો. જેમાં ચાર ચોગ્ગાનો સમાવેશ થાય છે. આ મેચમાં ઓલરાઉન્ડ દેખાવ બદલ અનિલ દેસાઈને મેન ઓફ ધ મેચ જાહેર કરાયા હતા.

આ સ્પર્ધામાં સચિવાલયના જુદા જુદા ૧૬ વિભાગોની ટીમોએ ભાગ લીધો છે. તેમજ કુલ ૩૧ મેચોનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં રોજ સવારે ૮.૩૦ વાગ્યાથી મેચ શરૂ કરવામાં આવે છે તેમજ આ સ્પર્ધા તા. ૬ઠ્ઠી જાન્યુઆરી સુધી ચાલનાર છે તેથી ક્રિકેટ પ્રેમી જનતાને લાભ લેવા અનુરોધ કરાયો છે.

ગાંધીનગર જિલ્લા દલિત સેનાનું સંકલ્પ સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લા દલિત સેના દ્વારા આજરોજ ડો. આંબેડકર ભવન, સે. ૧૨ ખાતે સંકલ્પ સંમેલન યોજવામાં આવ્યું હતું.

ડો. આંબેડકર ભવન ખાતે દલિત સેના દ્વારા યોજવામાં આવેલ સંમેલનમાં દલિતો પર થતા અત્યાચારો અને તેમના હિતોની જાળવણી કેવી રીતે કરવી તેવા મુદ્દાઓ ઉપર જોર આપવામાં આવ્યું હતું. સંમેલનમાં દિલ્હીથી પધારેલ રાષ્ટ્રીય દલિતસેના અધ્યક્ષ સૂર્યમણીજી ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ઉદ્યોગ ભવનમાં ફરજ બજાવતા કર્મચારી સ્વ નરેશ ચાવડાને શ્રદ્ધાંજલિ અર્પણ કરી, સ્વ. ચાવડાને ન્યાય અપાવવા હાંકલ કરવામાં આવી હતી. આ સંમેલનમાં સમાજના મુકેશ ગુર્જર, ડી.બી. પરમાર, કે.કે. શાહ, રાજીવ પરીખ, રામતોપ સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

પશ્ચિમ ઝોન મહિલા ખો-ખો સ્પર્ધા યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

જિલ્લાના સાદરા ખાતે આવેલી ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહા વિદ્યાલયમાં પશ્ચિમ ઝોન ખો-ખો સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

વિદ્યાલય ખાતે પશ્ચિમ ઝોન ખો-ખો સ્પર્ધા તા. ૨૧ થી ૨૪ ડિસેમ્બર દરમ્યાન યોજવામાં આવશે. જેમાં ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગોવા રાજ્યની ૨૮ યુનિવર્સિટી માટે આંતર યુનિવર્સીટી મહિલા ખો-ખો સ્પર્ધા યોજાશે. સ્પર્ધામાં ચાર રાજ્યોની કુલ ૩૬૦ મહિલા ખેલાડીઓ ભાગ લેશે.

આ પ્રસંગે પૂર્વ આંતરરાષ્ટ્રીય ખેલાડી આર.કે. નાયડુ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહી સ્પર્ધાને નિહાળશે. તેમજ વિદ્યાપીઠના કુલ સચિવ ડૉ. રાજેન્દ્રભાઈ ખીમાણી, કુલપતિ ડૉ. જતીનભાઈ સોની ઉપસ્થિત રહેશે. સ્પર્ધામાં ડૉ. જમનાદાસ સાવલિયા, ડૉ. ઉદાજી પરમાર અને ડૉ. ભૂમિકાબેન પટેલ દ્વારા સંચાલન કરવામાં આવશે.

આઈઆઈટી ખડગપુરના ઉપક્રમે ચેન્જ યોર સેલ્ફ ગ્રૂપ દ્વારા નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન શિબિર

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરના વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન મળી રહે તે માટે કાર્યરત 'ચેન્જ યોર સેલ્ફ' ગ્રૂપ દ્વારા ખડગપુરની આઈઆઈટી કોલેજના ઉપક્રમે એક દિવસીય માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવેલ છે. આ શિબિર તા. ૨૨મી ડિસેમ્બરે સે. ૨૩ ખાતે આવેલ કડી કેમ્પસમાં સ્થિત ફાર્મસી કોલેજના બ્રહ્માણી મેમોરીયલ હોલમાં સવારે ૯ થી ૧૧ વાગ્યા દરમ્યાન યોજાશે.

આ શિબિરમાં વિદ્યાર્થીઓ તેમજ વાલીઓને કારકિર્દી માર્ગદર્શન નિઃશુલ્ક આપવામાં આવશે. એન્જીનિયરીંગ, મેડીકલ, વકીલાત, વિવિધ સરકારી સેવાઓ જેવી કેરેલવે, શૈક્ષણિક, સંરક્ષણ વિગેરે તેમજ આર્ટસ-કોમર્સ જેવા વિષયો પર સંપૂર્ણ માર્ગદર્શન આ શિબિરમાં આપવા પ્રયત્ન કરાશે. આ ઉપરાંત સ્વવ્યવસાય, વિવિધ કારકિર્દી વિકલ્પો જેવા કે ફોટોગ્રાફી, ફેશન ટેકનોલોજી, એક્ટીંગ, રમતગમત સાથે ટીમ મેનેજમેન્ટ અને મોટીવેશન જેવા વિષયો પણ આવરી લેવામાં આવ્યા છે. આ શિબિરનો લાભ વધુને વધુ વિદ્યાર્થીઓ-વાલીઓ ઉઠાવે તે જરૂરી લાગી રહ્યું છે.

ગો સંવર્ધનમ્... રાષ્ટ્ર વર્ધનમ્... ધરતી પરનું અમૃત એટલે દેશી ગાયનું દૂધ...

ગૌ કથામૃત મહોત્સવમાં રમેશભાઈ ઓઝા(ભાઈશ્રી) ગૌ પૂજન અને ગૌ મહાત્મ્યની કથા કરશે: ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડનાં અધ્યક્ષ ડો. વલ્લભ કથીરિયા 'ચલો ગાય કી ઔર... ચલો ગાય કી ઔર... ચલો ગાંવ કી ઔર.. ચલો પ્રકૃતિ કી ઔર...' ધ્યેય સાર્થક કરવાની દિશામાં ગુજરાતભરમાં ગૌ રક્ષા, ગૌ પાલન અને ગૌ સંવર્ધન માટે કાર્યરત

યતો ગાયઃ તતો કૃષ્ણઃ । યતો કૃષ્ણઃ તતો ધર્મઃ । યતો ધર્મ તતો જયઃ । 'જેને ઘેર તુલસીને ગાય તેને ઘેર વૈદ્ય ન જાય.' ગાય એ માનવજાતને મળેલી અમૂલ્ય ભેટ છે, ગાય કૃષીની આર્થિક મા છે. ગૌ રક્ષા વગેરે હિંદુ સંસ્કૃતિ સાથે પુરાણકાળથી ગુંથાયેલી સંસ્કારિતા છે. પોષણ કરનાર માતાના રૂપમાં અનાદિકાળથી ગાયને પૂ. ગણવાની હિંદુ સંસ્કૃતિની સભ્યતા રહી છે. ગાય સર્વ સુખ પ્રદાન કરનારી છે અને એટલે એ કામધેનુ કહેવાય છે. એનામાં ૩૩ કરોડ દેવી દેવતાઓનો વાસ છે અને એની પૂજા કરવાથી બધા દેવતાઓની કૃપા પ્રાપ્ત થાય છે. ગાયનું શકન થાય તો કાર્યમાં સફળતા મળે એવું સૌ માને છે. ધરતી પરનું અમૃત એટલે દેશી ગાયનું દૂધ છે તો એનું ગૌ મૂત્ર ક્ષય અને કેન્સરને મટાડે એવું સક્ષમ છે...

સામાન્ય માણસની સોચની બહારનાં કાર્યો કરવામાં માહિર એવાં આપણાં હૃદય સમ્રાટ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ 'ચલો ગાય કી ઔર.. ચલો ગાંવ કી ઔર... ચલો પ્રકૃતિ કી ઔર...'નો નારો આપ્યો અને ગૌ સેવા અને ગૌચર, વિકાસ બોર્ડની રચના કરી ગૌ સેવા દ્વારા સમાજ સેવાનો નવો ચિલો ચાતર્યો... ગાય એ આપણું હરતું ફરતું દેવાલય અને ઔષધાલય છે એવી શ્રદ્ધ રાખતા ડૉ. વલ્લભ કથીરિયાને ગૌ સેવાનાં અધ્યક્ષ બનાવ્યાં. ગૌવંશી આધારીત કૃષી શ્રેષ્ઠ છે. ગાય સુખ, સમૃદ્ધિ અને સંપન્નતાની સાથે સુરક્ષા, સ્વચ્છતા, સ્વાવલંબીતા, સમરસતા અને સંસ્કારીતાની પ્રદાતા છે. ગાયમાતા કલ્યાણકારી અને મંગલકારિણી છે. ગાય કામધેનું છે અને એની સેવા વિકાસનાં કાર્યોને વેગવંત બનાવવા ડૉ. કથીરિયા કાર્યરત બન્યા. ડૉ. કથીરિયા પોતે માણસોના સર્જન છે અને રાજકોટમાં એમની ધીખતી પ્રેકટીસ છે. આજે પણ કેટલાંય દર્દી ડૉ. કથીરિયા સર્જરી કરે તો જ કરાવી એ એવો આગ્રહ રાખે છે. સ્વભાવે અત્યંત માયાળુ અને પ્રથમ મુલાકાતમાં મિત્ર બની જાય એવાં એમનાં ભાગે ગાયની અસીમ કૃપાથી જ ગૌ સેવા-ગૌચરનું કામ આવ્યું છે.

ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડ દ્વારા ગુજરાતમાં વિવિધ સેમીનારો, સંમેલનો દ્વારા ગૌરક્ષા, ગૌપાલન, ગૌસંવર્ધન, ગૌ આધારીત આર્થિક, સામાજિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ, ગૌ આધારિત કૃષી, ગૌ ચેતના, ગૌ સભા, ગૌ કથા, ગૌ પ્રદર્શન, ગૌ સેમિનાર, વાર્તાલાપ, લોકમેળા, પંચગવ્ય કિલનીક, વનવાસીને વિનામૂલ્યે બળદ, જેલ તથા શૈક્ષણિક સંકુલોનાં ગૌ શાળા, સાંઢનું વિતરણ, ગૌચર સુધારણા, બાયો પેસ્ટીસાઈડ અને બાયો ફર્ટીલાયઝર દ્વારા ઓર્ગેનીક ખેતી, ફેમીલી બાયોગેસ પ્લાન્ટ જેવાં અનેક કાર્યો દ્વારા ગૌ સંસ્કૃતિની પૂનઃ સ્થાપનાનું અભિયાન જોરશોરથી ચાલ્યું છે અને ગામેગામમાં પ્રસિદ્ધિ પામ્યું છે.



ગૌ સેવાનાં આ કાર્યમાં અનેક પ્રવૃત્તિઓ અને ફાયદા છે પણ એમાં મુખ્યત્વે બે એટલે ગાયનું દૂધ અને પંચગન્ય ચિકિત્સા...

ગાયનું દુધ સ્નિગ્ધ, શીતલ, શક્તિ, સ્ફૂર્તિ, તૃપ્તિ, રૂચિ, સ્મૃતિ, બુદ્ધિ અને બળ વધારનાર છે. ગાયનું દૂધ સ્વાસ્થ્ય સંબંધી આરોગ્ય અને આયુષ્ય વધારનાર છે, વૃદ્ધાવસ્થા દૂર રાખનાર અને યૌવનને ટકાવવાં લાભદાયી છે. બાબા રામદેવ અમસ્તા જ નથી ગાયના દૂધનો પ્રચાર કરાં. ગાયનાં દૂધમાં સારાં કોલેસ્ટેરોલનું પ્રમાણ વિશેષ હોય છે. ગાયનું દૂધ આંતરડા સાફ કરી કબજીયાત દૂર કરે છે. ગાયનું દૂધ કેન્સર જેવી બિમારીમાં એન્ટી ઓકસીડન્ટ તત્વનાં કારણે ફાયદો કરે છે. ગાયનું દૂધ ત્રિદોષ (વાત,પિત અને કફ) દૂર કરનારું છે અને ટી.બી.ના ઉપચારમાં પણ અત્યંત ફાયદાકારક છે. ગાયના દૂધમાં રહેલું સુવર્ણ તત્વ લીવર, પેનકીયાસ, કીડનીનાં રોગોમાં અસરકારક છે અને તેથી જ દેશી ગાયના દૂધને ધરતી પરનું અમૃત કહે છે, માટે આપણે સૌએ અને ખાસ બાળકોને દેશી ગાયનું દૂધ જ પાવું જોઈએ...

ગૌ મૂત્ર (પંચગવ્ય) ચિકિત્સા પદ્ધતિ ઋષીકાળથી ચાલી આવતી સૌથી પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ છે. ગૌ મૂત્રને એડવાન્સ મેડિકલે એક જંગલી પ્રયોગ તેમજ અંધશ્રદ્ધા માની લીધું હતું પરંતુ વિજ્ઞાને વાસ્તવિકતાની ક્ષિતિજો ખોલી નાંખી અને ગાય દ્વારા મળતા વિવિધ પદાર્થોની એક ઔષદ તરીકેની ક્ષમતાને ઓળખી લીધી છે... પંચગવ્ય એટલે ગાયના પાંચ ઉત્પાદનો એટલે દૂધ, દહીં, ઘી, ગૌમૂત્ર અને છાણ. ચરક, સુશ્રુતના આયુર્વેદનાં ગ્રંથો તેમજ વાગ્ભટ્ટ સંહિતામાં પંચગવ્યનો ઉપયોગ ચામડીનાં રોગો, પેશાબની સમસ્યા, ઘૂંટણ જેવાં સાંધાઓના દુખાવો અને આંતરડાનાં ચાંદાને મટાડવામાં થાય છે.

યશગાથા
–સંજય થોરાત
hellogandhinagar@gmail.com

ગૌ સેવા અને ગૌ સંવર્ધનના અનુસંધાને ગૌ કથામૃત મહોત્સવ તા. ૨૦ થી ૨૨ ડિસેમ્બર બપોરના ૩થી ૭, બેટી બચાવો મેદાન, નિકોલ, અમદાવાદ ખાતે જ્ઞાની કથાકાર રમેશભાઈ ઓઝાના વ્યાસપીઠે યોજાઈ રહ્યો છે. પોરબંદરમાં રમેશભાઈની પોતાની ગૌશાળા છે અને તેઓ ગાય વિશે અગણીત જ્ઞાન ધરાવે છે. આ મહોત્સવમાં ગૌ માતા વિશે વૈજ્ઞાનિક સમજૂતી, ગૌ પ્રદર્શની, ગૌ શાળા નિદર્શન, પંચગવ્ય સાહિત્ય અને ઉત્પાદન વેચાણ, પંચગવ્ય ચિકિત્સા શિબિર, ગૌ સેવક, ગૌ રક્ષક, ગૌ વ્રતી, ગૌપાલક, પંચગવ્ય વૈદ્ય વગેરેનું સન્માન થશે. જાત જાતની આપણી ભારતીય નસ્લની ગાયો જોવા મળશે. ગુજરાતની ગૌરવ સમાન ગીર અને કાંકરેજ ઓલાદની ગાયો પ્રદર્શન માટે મુકાશે...

આજે પણ ગામડામાં ગાયને ઘરની અંદર બાંધવામાં આવે છે અને તેનું મુખ્ય કારણ એટલે તેના છાણ અને મૂત્રના વાસથી ઘણાં કિટાણુંઓ મરી જાય છે તેથી નિરોગી રહેવાય છે. જે ઘરની દિવાલ તથા ભોંયતળીયું ગાયના છાણથી લીંપેલું હોય તે ઘરમાં રેડિયોવિકીરણની અસર નષ્ટ થઈ જાય છે. ક્ષયના રોગીઓને ગૌશાળામાં રાખવાથી ટી.બી. મટી જાય છે. ગાયનાં છાણ અને મૂત્રથી સ્નાન કરવામાં આવે છે જેનાથી તે રોગપ્રતિરોધકનું કાર્ય કરે છે. ગાયનાં છાણાંને બાળવાથી પ્રદૂષણ ઉભું કરવાને બદલે તે વાતાવરણને શુદ્ધ કરે છે અને એટલે જ તો ઘરમાં હવન વખતે ગાયનાં છાણાં મંગાવાય છે!

ગૌ સેવા અને ગૌ સંવર્ધનના આ યજ્ઞમાં આપણે સૌ પણ સહભાગી બની શકીએ એમ છીએ. આપણે ગૌ માતાના દૂધ, દહીં, છાશ અને ઘીનું સેવન કરીને... ગૌ સેવાના અભિયાન દ્વારા ગૌ ચેતના જગાવવામાં સહભાગી બનીને.. ગૌ રક્ષાના કાર્યક્રમમાં જોડાઈને.. સ્વયં ગાયનું પાલન પોષણ કરીને... શ્રેષ્ઠ ઓલાદની આદર્શ ગૌ શાળાની સ્થાપનામાં મદદરૂપ થઈને... ગ્રામ્ય વિસ્તારમાં ગૌચર સુધારણામાં સહયોગ આપીને... ગૌ મૂત્ર અને ગોબર આધારીત 'સજીવ ખેતી'ને પ્રોત્સાહન આપીને... ગૌ મૂત્ર- ગોબરના ઉત્પાદનનો સ્વયં ઉપયોગ કરીને... ગૌ ચિકિત્સાલયોની સ્થાપનામાં સહભાગી બનીને... ગાયોને કતલખાને જતી અટકાવીને... ગાયોને વાર-તહેવારે ઘાસનાં ચારાનું દાન કરીને... અનાથ- અસહાય- બિમાર રસ્તે રખડતી પ્લાસ્ટીક ખાતી ગાયોને ઢોર ડબ્બે મોકલીને... અને ગાયને પૂજનીય માનીને સેવા કરી શકાય...

ગૌ સેવા અને ગૌચરના ગૌ કથામૃત મહોત્સવનું ભવ્ય આયોજન કરતાં ડૉ. કથીરિયાને અનેક શુભેચ્છા, ગૌ સંસ્કૃતિના પુનઃ સ્થાપન માટે ગુજરાતની પ્રેમાળ અને શ્રદ્ધાળુ પ્રજા ગાય માતાની સેવામાં ખડેપગે હાજર જ છે. ગૌ સેવાથી સમાજ સેવા અને રાષ્ટ્ર સેવામાં સૌ દીલથી જોડાય એવી ગાય માતાને ચરણે વંદન સહ અપીલ...

'ગૌ સેવાનું ફળ ઘણું, જેમાં દેવીનો વાસ